સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૬–૦૩–૨૦૧૦ ના
રોજ મળીને મુલતવી રહેલી અને તા.૧૭–૦૩–૨૦૧૦ ના રોજ ફરી મળેલ
સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો

................
................

મ્યુ. કમિશ્નરશ્રીના તા.૦૨–૦૩–૨૦૧૦ ના પત્ર નં. સીમીસ/૮/૩૬ થી વિદિત થઈ તેમજ સમિતિને સભામાં હાજર રહેલા ડેપ્યુટી કમિશ્નરશ્રી (પી એન્ડ ડી) સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૨ (ડુમસ)માં નીચે જણાવ્યાં મુજબના સુધારાઓ/ફેરફાર કરવા અને તેને આનુસાંગિક ફેરફાર કરી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૨ (ડુમસ)ના મુસદ્દાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૮(૧) હેઠળ નામદાર સરકારશ્રીની મંજુરી મેળવવા અર્થે નામદાર સરકારશ્રીમાં સાદર કરવા જરૂરી કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) રીઝર્વેશન નં. આર–૩૨ (SEWS) નો હેતુ ફેર કરી "સબ સેન્ટર"નો હેતુ સ્થિત કરવો.

(૨) રીઝર્વેશન નં. આર–૩૫ (SEWS) નો હેતુ ફેર કરી "ડીસ્ટ્રીકટ સેન્ટર"નો હેતુ સ્થિત કરવો.

(૩) રે.સ.નં. ૬૨૮/૨/એ, ઓ.પી.નં.૫૦નું ક્ષેત્રફળ ૭/૧૨ મુજબ ગણવું.

(૪) સામેલ પાર્ટ પ્લાન –૧ મુજબ રે.સ.નં. ૧૦૦૪ના ફા. પ્લોટ નં.: ૧૯૩/એ ને રીઝર્વેશન નં. આર–૨૨ "લોકલ કોમર્શીયલ"માં ફાળવવો તેમજ ફા. પ્લોટ નં.: ૧૯૩/એ વાળી જગ્યા રીઝર્વેશન નં. આર–૧૪ (રીક્રીએશન)માં આમેજ કરવી.

(૫) સામેલ પાર્ટ પ્લાન –૨ મુજબ રે.સ.નં.૯૫૮, ફા. પ્લોટ નં.: ૧૪૯ને રીઝર્વેશન નં. આર–૨૩ (લોકલ કોમર્શીયલ)માં ઉત્તરભાગે ફાળવતો તેમજ ફા. પ્લોટ નં.: ૧૪૯ની જગ્યાએ SEWS નું રીઝર્વેશન નિયત કરવું.

(૬) સામેલ પાર્ટ પ્લાન –૩ મુજબ રે.સ.નં. ૯૫૧, ઓ.પી.નં. ૧૪૨, ફા. પ્લોટ નં.: ૧૪૨ વાળી જગ્યા "રીક્રીએશન" ના હેતુ માટેના રીઝર્વેશન હેઠળ નિયત કરવી તેમજ સદર ફા. પ્લોટને ઓરીજીનલ પ્લોટનં. ૪૮/બી વાળી જગ્યામાં સ્થિત કરી સામેલ પ્લાન મુજબ આનુસાંગિક ફેરફાર કરવા.

(૭) સામેલ પાર્ટ પ્લાન–૪ મુજબ રે.સ.નં.૬૨૩ અને ૬૨૨ ના ફા. પ્લોટ નંબર અનુક્રમે ૪૩ અને ૪૨ ને રીઝર્વેશન નં. આર–૨૪ માં સ્થિત કરી ફા. પ્લોટ નં. ૪૩ અને ૪૨ વાળી જગ્યાને રીઝર્વેશન નં. આર–૪૫ (SEWS) માં આમેજ કરી આનુસાંગિક ફેરફાર કરવા.

(૮) રે.સ.નં.૬૧૩, ૬૧૫, ૬૧૮, ૬૩૪/૧ + ૨ તથા ૬૩૫/૨ માં બાંધકામના પ્લાન રજુ કરેલ હોય વિકાસ નકશા મુજબની રસ્તાની અસર માન્ય રાખી તે સિવાય સૈધ્ધાંતિક મંજુરી આપેલ હોવાથી પ્લાન મુજબ બાંધકામને અસર ન થાય તે રીતે કપાત/રીઝર્વેશનમાં સુધારો કરવો.

(૯) મોજે ડુમસ રે.સ.નં.૭૪૦– ઓ.પી.નં.૬૬ નું ક્ષેત્રફળ ૭/૧૨ મુજબ ૯,૨૦૭ ચો.મી. ગણવું.

(૧૦) આ સ્કીમ વિસ્તારમાં ૧૦૦૦ ચો.વાર(૮૩૬ ચો.મી.) થી નાના પ્લોટો જે રેકર્ડ પર નોંધાયા હોય તથા નિયમ અનુસાર સક્ષમ સત્તા ધ્વારા બિનખેતી થયેલ હોય તેવા કેસોમાં કપાત કરવી નહી.•

<u>ઠરાવ નં.૧૧/૨૦૧૦ સર્વાનુમતે મંજુર</u>

સ.ર.મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા. ૫-૦૩-૨૦૧૦.